# આજે IITનો ચોથો પદવીદાન સમારોહ

અમદાવાદ : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર ખાતે આવતીકાલ શનિવારે ચોથો પદવીદાન સમારોહ યોજાશે. આ પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ભારત ફોર્જ લિમિટેડના ચેરમેન અને એમડી તેમજ કલ્યાણી ગ્રૂપના અધ્યક્ષ બાબાસાહેબ નિલકંઠ કલ્યાણી દિક્ષાંત પ્રવચન આપશે. સવારે ૧૧ વાગે યોજાનાર કોન્વોકેશનમાં ટોપર વિદ્યાર્થીઓને મેડલ સાથે ડિગ્રી એનાયત કરાશે.